# ડીસામાં ગૌવંશ મામલે જીવદયાપ્રેમીઓની પીછેહઠ

## ૧૩ ટ્રકોમાં ઝડપાયેલા ૮૪ બળદો અપાશે પરત



ડીસા, તા. ૫
રાજયમાં બેખોફ બનેલા કસાઈ સામે સરકાર અને પોલીસની ઢીલી નીતિ સામે લોકોમાં કેવો આક્રોશ છે તેનો એક નજારો ડીસામાં જોવા મળ્યો હતો. જેમાં ૧૩ જેટલી ટ્રકોમાં પશુ કતલખાને લઈ જવાની વ્યાજબી શંકા આધારે જીવદયા પ્રેમીઓએ આ ઈસમોને અટકાવી તેમાં સવાર ચાલક અને અન્યોને માર મારી આ અબોલ જીવોને બચાવ્યા હતા. જો કે કાયદાની જોગવાઈ અને તપાસમાં આ હાઈવોલ્ટેજ ડ્રામા સમાન ઘટનામાં ઝડપાયેલા પશુ પરમીટ સાથે પશુ મેળામાંથી ખેડૂતોએ ખેતી ઉપયોગ માટે ખરીદ્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવતા સન્નાટો છવાયો છે.

આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠાનાં વહેપારી મથક ડીસામાં ગત રવિવારની રાત્રીના ૧૦ વાગ્યા આસપાસ જીવદયા પ્રેમી ગણપતલાલ શિવલાલ માળીને ખાનગી રાહે બાતમી મળેલ કે કેટલાક કસાઈઓ રાજસ્થાનના સાંચોર પશુ મેળામાંથી કુમળી વયના ગાય-બળદ ખરીદી ગુજરાતમાં કતલખાને લઈ જાય છે તેવી માહિતી આધારે ડીસા હાઈવે રોડ રાજમંદિર રોડ પાસે વોચ ગોઠવાઈ હતી. જો કે તે બાદ એક-બે નહીં પુરી તેર જેટલી ટ્રકો અહીથી પસાર થતા તેને રોકવામાં આવી હતી. અને આ ઘટનાની જાણ ડીસા શહેરીજનોને વાયુવેગે થતા લોકો રોડ પર ઉતરી આવ્યા હતા અને અબોલ પશુધન બચાવવા રોડ પર દોડતા જોવા મળ્યા હતા. અબોલ પશુ કતલખાને લઈ જતા કસાઈઓ સામે લોકોનો રોષ ફુટી નીકળ્યો હતો. અને તે બાદ લોકોએ સરકારની ઢીલી નીતિ સામે જાતે જ કાયદો હાથમાં લી ટ્રકોમાં



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સવારચાલકો અને તેમના મળતિયા ઈસમોને શોધી કાઢી બરાબરનો મેથીપાક પણ આપ્યો હતો. લોકોની આ લાઈવ ધુલાઈ અંદાજીત અડધો કલાક ચાલતા અનેક ઈસમોને શકના આધારે મેથીપાક મળ્યો હતો. આ ઘટનામાં ઝડપાયેલી ૧૩ ટ્રકોમાંથી ૮૪ જેટલા કુમળી વયના બળદો મળી આવ્યા હતા. આ ઘટનાથી અફરાતફરીનું વાતાવરણ બન્યું હતું અને હીવે પર ચક્કાજામ જેવા દશ્યો સર્જાયા હતા.

જ્યારે ઝડપાયેલા અંદાજીત ૧૩ જેટલા લોકોને તે બાદ ઘટનાસ્થળે આવેલી ડીસા પોલીસે લોકો પાસેથી છોડાવી પોતાના કબજે લીધા હતા. જેમાંના કેટલાકના કપજા ફાડી નાખ્યા હતા તો કેટલાક ઈસમો લોહી-લુહાણ થયા હતા અને બચાવો બચાવોની બુમો પાડી હવે આવુ કૃત્ય નહિ કરીએ છોડી દો... તેવી આજીજી કરતા જોવા મળ્યા હતા. જો કે ટ્રક ચાલકો સાથેના આ બોગસ ખેડૂતો ખરેખર તો કસાઈઓ દ્વારા ઉભા કરેલા ભાડુતી માણસો જ હોય છે જે આ બળદો ખેતી કામ માટે લઈ જતા હોવાનું તરકટ રચે છે. અને સાથે ગાડીમાં સવાર થઈ આ પશુ કતલખાને પહોંચાડવામાં ગુનાહિત મદદ પુરી પાડે છે. જો કે આ મામલે જીવદયા પ્રેમીઓની જાણવા જોગ ફરિયાદ નોંધી પી.આઈ. કે.ડી. નકુમે તમામ પશુઓને ટેટોડા ખાતેની રાજારામ પાંજરાપોળ મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ખરીદી, પરમીટ મેળવી હોવાનું અને આ પશુ ખેતીકામ માટે લઈ જવાતા હોવાનું બહાર આવતા આ મામલામાં જીવદયા પ્રેમીઓની પીછેહઠ થયેલ છે અને પોલીસ કાનૂની પ્રક્રિયા બાદ આ પશુ પુનઃ ઝડપાયેલા ઈસમોને સોંપી દેવાની તજવીજ હાથ ધરતા આ સમગ્ર મામલો વિવાદિત બનેલ છે.



# ૧૭૫ કિલોગ્રામ રક્તચંદનની દાણચોરી કરનાર અંતે પકડાયા

### ભારતમાં ૪ લાખની કિંમતના આ લાકડાની ચીનમાં કિંમત પોણા બે કરોડની આસપાસ થાય છે : પોલીસની તપાસ

અમદાવાદ, તા.૦૫
૧૭૫ કિલોગ્રામ રક્ત ચંદનની દાણચોરી કરનાર ચાર ચાઈનીઝ નાગરિકોની કસ્ટમ વિભાગ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર મામલામાં પોલીસ દ્વારા વધુ તપાસ ચાલી રહી છે. ઝડપાયેલા શખ્સોની પુછપરછ કરવામાં આવી રહી છે. અમદાવાદ એરપોર્ટ પર દાણચોરી એક સામાન્ય બાબત બની ગઈ છે. સોનાની દાણચોરીની સાથે હવે રક્તચંદન લાકડાની દાણચોરીની ઘટના પણ પ્રકાશમાં આવી રહી છે.

અમદાવાદ એરપોર્ટથી રક્તચંદનની દાણચોરી કરતા ચાર ચાઈનીઝ નાગરીકોને કસ્ટમ વિભાગે પકડી પાડ્યા છે. તેઓ બેગમાં ૧૭૪.૯૦૦ કિગ્રા જેટલું રક્તચંદનની કિંમત આશરે ચાર લાખ રૂપિયા જેવી થવા જાય છે. પરંતુ ભારતમાં ચાર લાખની કિંમતના આ લાકડાની ચીનમાં પોણા બે કરોડની કિંમત થાય છે. આ ઘટનાની વિગત એવી છે કે સોમવારે વહેલી સવારે સાડા ચાર વાગ્યે અમદાવાદથી દોહા જતી કતાર એરલાયન્સની ફ્લાઈટ નંબર ક્યુઆર-૫૩૫માં જવા માટે એરપોર્ટ પર ચાર ચાઈનીઝ મુસાફરો આવ્યા હતા. કસ્ટમ વિભાગે તેમની શંકાસ્પદ હિલચાલના પગલે તેમનો સામાન ચેક કર્યો હતો. આ ચેકીંગ દરમ્યાન મોટી ટ્રાવેલ બેગમાં છુપાયેલા ૭૫.૪૦૦ ગ્રામ લાકડાના ટુકડાઓ મળી આવ્યા હતા. આધારભૂત સુત્રોની જાણકારી અનુસાર એક-એક ટુકડા એકથી સવાર ફુટ લાંબો હતો.

ઉપરાંત ૯૯.૫૦૦ ગ્રામ લાકડુ મણકાઓની માળા બનાવેલી સ્વરૂપમાં મળી આવ્યું હતું. એરપોર્ટથી પકડાયેલા રક્તચંદનના લાકાડની ભારતીય બજાર કિંમત ચાર લાખ થવા જાય છે. પણ આ જ રક્તચંદનની કિંમત ચીનમાં ખૂબ વધું છે જો ઉપરોક્ત પકડાયેલ રક્તચંદન ચીનમાં વેચવામાં આવે તો તેના પોણા બે કરોડ રૂપિયા કિંમત થાય રક્તચંદનની ચીનમાં ખૂબ ડિમાન્ડ હોવાથી દાણચોરો અનોખા નુસ્ખા અપનાવી દાણચોરી કરે છે. દુનિયામાં રક્તચંદન લાકડુ ભારતમાં ઉગે છે. ભારત સરકારે આ લાકડાની નિકાસ પર પ્રતિબંધ મુક્યો છે. રક્તચંદનની ચીનમાં ખૂબ માંગ છે. દાણચોરો ભારતમાંથી નજીવા ભાવે રક્તચંદન ખરીદી ચીનમાં ઉંચા ભાવે વેચે છે.

## ડીસાના કાળી માટી ગામે રિવર્સમાં આવતી જીપે મહિલાને કચડી

ડીસા, તા. ૫
અમીરગઢ તાલુકાના કાળી માટી ગામે વેવાઈના ત્યાં આવેલી મહિલાને રીવર્સ લેતી જીપે અડફેટમાં લેતા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર તાલુકાના કરજોડ ગામે રહેતા કાન્તિભાઈ શંકરભાઈ માજીરાણાના દીકરા ખેમાભાઈ માજીરાણાના લગ્ન અમીરગઢ તાલુકાના કાળીમાટી ગામે થયા હતા. એટલે કાન્તિભાઈ માજીરાણાના પત્નિ રેશમાબેન પોતાના વેવાઈને ત્યાં આવ્યા હતા. તેઓ કાળીમાટી ગામના પાટીયા પર ઉભા હતા ત્યારે રીવર્સ લેતી જીપ જીવાય-૭-એચ-૭૧૮૦ના ચાલકે તેમને અડફેટે લેતાં તેમને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતા સારવાર અર્થે પાલનપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ ત્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. આ બાબતે અમીરગઢ પોલીસે જીપચાલકન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પર ગુજરાતના રાજ્યપાલ વતી ચાદર પેશ કરાઈ

ગાંધીનગર, તા. ૫
રાજસ્થાનમાં અજમેર ખાતે ઉજવાઈ રહેલા હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તી (ર.અ.)ના ૮૦૨માં વાર્ષિક ઉર્સ પ્રસંગે આજે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી વતી હઝરત ખ્વાજા સાહેબની દરગાહ પર ચાદર પેશ કરવામાં આવી હતી.

ઉર્સ પ્રસંગે પાઠવવામાં આવેલ તેમના સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે 'હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તી (ર.અ.)ના ૮૦૨માં ઉર્સ મુબારકના પ્રસંગે ગુજરાતની પ્રજા વતી હઝરત ખ્વાજા સાહેબની દરગાહ પર ચાદર પેશ કરી રહી છું.' તેમણે જણાવ્યું હતું કે ખ્વાજા સાહેબે દીન-દુઃખી તથા નિઃસહાય લોકોની સેવા દ્વારા માનવતા, પ્રેમ અને કરુણાનો સંદેશો આપ્યો હતો. તેમણે શાંતિ, એકતા અને પરસ્પર ભાઈચારાની ભાવનાને દઢ બનાવી સમાજમાં માનવતાનું દીપ હંમેશા પ્રજવલ્લિત રાખવાની પ્રેરણા પુરી પાડી છે. રાજ્યપાલશ્રીએ દેશ અને રાજ્યમાં સુખઃસમૃદ્ધિ, શાંતિ અને પ્રગતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

અજમેર ખાતે દરગાહ પર રાજ્યપાલશ્રી વતી ચાદર પેશ કરી પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

# દેશી દારૂ પીધા પછી બેના મોત : લઠ્ઠાકાંડની આશંકા

### સાબમરતી વિસ્તારમાં રહેતા બે વ્યક્તિઓના મોતથી ભારે સનસનાટી : પોલીસ તંત્રની ઉંઘ હરામ : ઉંડી તપાસ શરૂ

અમદાવાદ, તા.૦૫
અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં દેશી દારૂએ બે લોકોનાં ભોગ લીધા છે. દેશી દારૂ પીવાના કારણે બે લોકોનાં મોત થતાં સનસનાટી મચી જવા પામી છે. આ મામલે લઠ્ઠાકાંડની આશંકાએ તીવ્ર જોર પકડ્યું છે. સાબરમતી વિસ્તારમાં રહેતા દિનેશ અને નરેશ વાઘેલા નામના બે વ્યક્તિના દેશી દારૂ પીધાં બાદ મોત થયા છે. શહેરની સિવીલ હોસ્પિટલમાં બંનેના મતૃદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, સાબરમતી વિસ્તારના રહેવાસી દિનેશ વાઘેલા અને નરેશ વાઘેલા નામના બંને શખ્સોની દેશી દારૂ પીધા બાદ તબિયત લથડી હતી. એકાએક તબિયત લથડતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમ્યાન બંનેનું મોત નિપજ્યું હતું. પોલીસ ફરીયાદમાં બંનેના મોતનું કારણ ખેંચ આવવાથી થવા હોવાનો ઉલ્લેખ છે તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. જ્યારે કે હોસ્પિટલ સુત્રો દ્વારા મળતા અહેવાલ અનુસાર ઝેરી દારૂ પીવાના કારણે આ બંને વ્યક્તિના મોત થયા છે. જો કે પોસ્ટમોર્ટમના રિપોર્ટ પરથી જ કહી શકાશે કે મોતનું સાચું કારણ શું છે ? જો કે લઠ્ઠાકાંડની આશંકાએ તંત્રમાં દોડધામ મચી છે. મરનાર નરેશ વાઘેલા અને દિનેશ વાઘેલા સાબરમતીના જવાહરચોક વિસ્તારમાં આવેલા રામદેવજીપુરાના રહેવાસી છે. ગત મોડી સાંજે બંને પિતરાઈ ભાઈઓ દેશી દારૂ પીને ઘરે આવ્યા બાદ અચાનક તેમની તબિયત લથડી હતી. અને ત્યારબાદ તેમને હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેમના મોત નિપજ્યા છે. અત્રે ઉલ્લેખનીય બાબત છે કે અગાઉ પણ શહેરના પૂર્વ વિસ્તારમાં દારૂ પીધા બાદ કેટલાય લોકોના કરૂણ મોત નિપજ્યાં હતા. ત્યારે આ બંને પિતરાઈ ભાઈઓના દારૂ પીધા બાદ મોત થતાં ફરી એકવાર લઠ્ઠાકાંડની પરિસ્થિતિ ઉભી થઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

# અમરાઈવાડીમાંથી ૧૫ જેટલા હથિયારો સાથે એકની ધરપકડ

### ઝડપાયેલા શખ્સ પાસેથી ૧૪ દેશી તમંચા, એક પિસ્તોલ તથા ત્રણ જીવતા કારતુસ કબ્જે કરાયા : ઉંડી તપાસ શરૂ

અમદાવાદ, તા.૦૫
અમદાવાદ સેક્ટર-૨ સ્કોર્ડે દેશી બનાવટના ૧૪ તમંચા, એક પિસ્તોલ તથા ત્રણ જીવતા કારતુસ સાથે મધ્યપ્રદેશ યુવકની અમરાઈવાડી વિસ્તારમાંથી ધરપકડ કરી છે. સેક્ટર-૨ સ્કવોર્ડના પીએસઆઈ એસ.વી. સીસારા, તથા સ્કોર્ડના બળવંતભાઈ, મનોજકુમાર, પ્રહલાદસિંહ, જયેન્દ્રસિંહ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળતા અમરાઈવાડી સ્વસ્તીક ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને હથિયારોની હેરાફેરી કરતા દેવેન્દરસીંગ ઉર્ફે શેરો ઉર્ફે દેવો ધરમસીંગ ભૈરોસીંગ તોમરની ધરપકડ કરી છે. તેની પાસેથી હથિયારોનો મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. જેમાં ૧૪ દેશી તમંચા, એક પિસ્તોલ તથા ત્રણ જીવતા કારતુસ કબ્જે કરાયા છે. આટલા બધા ઘાતક હથિયારોના જથ્થા સાથે પકડાયેલો દેવેન્દ્રસીંગ ઉર્ફે શેરો ઉર્ફે દેવો છેલ્લા ૧૫ વર્ષથી અવારનવાર ગુજરાતમાં આવતો હતો. તે ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં ટોલ બુથ પર કામ કરતો હતો. જેના પગલે આરોપી દેવેન્દ્ર અમદાવાદની ભૌગોલિક પરિસ્થિતિથી સંપૂર્ણ રીતે જાણકાર હતો. જ્યારે પણ દેવેન્દ્ર પોતાના વતન મધ્યપ્રદેશ જતો ત્યારે તે આ રીતે પોતાની સાથે ઘાતક હથિયારોનો જથ્થો સાથે લઈ આવતો હતો. ઘાતક હથિયારોની હેરાફેરીના વ્યવસાયમાં કિંગ ગણાતા પ્રહલાદસીંગ ભદોરીયા અને મલખાનસીંગ સાથે પકડાયેલ દેવેન્દ્રસીંગ હથિયારોનો વ્યવસાય કરી ચુકેલો છે. આજે પકડાયેલા હથિયારોનો જથ્થો આરોપી મહેસાણા પહોંચાડવાનો હતો. ચાલાક દેવેન્દ્ર કોઈ આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ કરતો ન હોતો. મોબઈલ સુદ્ધાનો પણ ઉપયોગ દેવેન્દ્રસીંગ કરતો નહોતો જેથી પોલીસ તેને ટ્રેસ પણ ન કરી શકે.

## શબ્દાવલી - ૫૩૮૫



### આડી ચાવી

૧. જય હનુમાન, અંજનીસૂત (૬)
૬. ફળનો માવો (૨)
૭. પોપચું, આંખનું પડળ (૩)
૮. પરવા (૨)
૯. પુરૂષ (૨)
૧૧. ગારૂડી, મદારી (૨)
૧૨. ગપ્પુ, ફેંકવું (૨)
૧૪. હિંમત, તાકાત (૩)
૧૫. વશ કરનારી વિદ્યા (૫)
૧૭. આનંદ, મોજમસ્તી (૨)
૧૯. જતુ રહ્યું, વયુ ગ્યુ (૨)
૨૧. સંવાદમાં વારંવાર વપરાતો નકામો શબ્દ (૬)

### ઊભી ચાવી

૧. બલશાળી, તાકાતવર (૪)
૨. રોનક, રંગની છટા (૩)
૩. એક ઝાડ જેમાં પીળા ફુલના ઝૂમકા આવે (૪)
૪. છાણ-માટીથી આંગણું લીપે તે (૩)
૫. તકવાદને અનુસરનાર (૪)
૧૦. ધીમુ ધીમુ, સુસ્ત (૪)
૧૧. વાલમીયો, ભરથાર (૩)
૧૩. 'કપ' શબ્દ ઊંધો થઇ ગયો છે (૨)
૧૪. ૨૦ કિલોનું માપ (૨)
૧૫. ઓળખાણ, લાગવગ (૨)
૧૬. રણકવું તે, ઘુઘરી... (૩)
૧૮. કેર વર્તાવે તેવું (૩)
૨૦. મોલ, ઉભો લહેરાતો...(૨)

### શબ્દાવલી ૫૩૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંધ્યા (૩) સાકાર (૭) તન (૮) મંજૂસ (૯) મફત (૧૦) ભલાઇ (૧૨) ભગ્ન (૧૩) કરજ (૧૪) આલમ (૧૬) મતી (૧૭) જમદુત (૧૯) તાલા (૨૦) નર (૨૧) તડજોડ (૨૩) કજીયાખોર
**ઊભી ચાવી :-** (૧) સંત (૨) ધ્યાનમગ્ન (૩) સામંત (૪) કાજુ (૫) રસભર (૬) કલાઇ (૧૧) લાજમલાજો (૧૨) ભયજનક (૧૩) કમ (૧૪) આદુ (૧૫) લત (૧૮) મરજી (૧૯) તાડ (૨૧) તર (૨૨) ડર

# સુરક્ષા સેતુ સંદર્ભે કાંકરિયામાં વધુ એક જનસેવા કેન્દ્રનો શરૂ

### જનસેવા કેન્દ્રમાં હથિયાર પરવાના, પોઇઝન લાઇસન્સ, આનંદ મેળા શો જેવી અન્ય મંજુરીઓ મેળવી શકાશે

અમદાવાદ, તા.૦૫
સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ દ્વારા ગયા વર્ષે જનસેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યો હતો. પરંતુ પોલીસે વધુ એક કેન્દ્ર કાંકરિયામાં ઝોન-૬ નાયબ પોલીસ કમિશ્નરની ઓફિસમાં શરૂ કરાયું છે. આ અન્ય જનસેવા કેન્દ્રથી મણીનગર, વટવા, રામોલ, ઓઢવના રહીશોને પોલીસ સેવાની અરજીઓ આપવા પોલીસ કમિશ્નર ઓફિસ સુધી આવવું પડશે નહીં.

આ જનસેવા કેન્દ્રમાં હથિયાર પરવાના, પોઈઝન લાઈસન્સ, આનંદમેળા શો જેવી અન્ય મંજુરીઓ મેળવી શકાશે. શહેર પોલીસ દ્વારા નાગરીકોની સુવિધા વધે તેના માટે છેલ્લા ઘણા સમયથી પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. શહેર પોલીસ દ્વારા ગત વર્ષે પોલીસ કમિશ્નરની કચેરી સ્થિત પીઆરઓ શાખામાં જનસેવા કેન્દ્ર શરૂ કરવામાં આવયો હતો. પોલીસ દ્વારા આ વર્ષે શહેરના કાંકરિયા ખાતે ઉપસ્થિત ઝોન-૬ નાયબ પોલીસ કમિશ્નરની ઓફિસમાં વધુ એક જનસેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યો છે. આ જનસેવા કેન્દ્રનો મણિનગર, વટવા, રામોલ, ઓઢવ વિસ્તારના રહીશો લાભ લઈ શકશે. હવેથી લોકો પોલીસ સેવાની અરજીઓ પોલીસ વિભાગના સંબંધિત વિભાગોની જગ્યાએ જનસેવા કેન્દ્રમાં કરી શકશે. જનસેવા કેન્દ્રમાં અરજી સંદર્ભે અરજદારે ૨૦ ભરવાના રહેશે જેની અરજદારને રસીદ પણ આપવામાં આવશે. જનસેવા કેન્દ્રમાં હથિયાર પરવાના રિન્યુઅલ, પોઈઝન લાઈસન્સ, પેટ્રોલીયમ અને સિક્યુરીટી લાઈસન્સ, પ્રિમાઈસીસ, નવી હોટલ, ખાણીપીણી પરવાના અને લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી જેવી કામગીરી હાથ ધરાશે.

## મોટેરામાં મેચને પગલે તસ્કરોએ લાભ ઉઠાવ્યો

મોટેરા સ્ટેડીયમમાં રમાય રહેલી આઈપીએલ મેચમાં તસ્કરોએ ભીડનો લાભ ઉઠાવીને અનેકના ખિસ્સા કાપ્યા હોવાની વિગત સપાટી પર આવી છે. મેચની ટીકીટ લેવા માટે ઉભા રહેલા કેટલાય ક્રિકેટ પ્રેમીઓના તસ્કરોએ પાકીટ, મોબાઈલ ચીજવસ્તુઓની ચોરી કરી હોવાનું જાણવા મળ્યું છે. બે લોકોના ખિસ્સામાંથી ગઠિયાઓ હજારોનો મુદ્દામાલ ચોરી ગયા છે. ફરીયાદી હરેશભાઈ જયંતિભાઈ ઉપાધ્યાય સ્ટેડીયમની ટીકીટ બારી પાસે ટીકીટ લેવા માટે લાઈનમાં ઉભા હતા ત્યારે ચાર ઈસમોએ તેમના ખિસ્સામાંથી રોકડ રકમ, ત્રણ ક્રેડીટ કાર્ડ, એક પાનકાર્ડ, આધારકાર્ડ અને બે બ્લેન્ક ચેર ચોરી ગયા.

# કાર્બાઈડ મારફતે જ કેરી પકવતું એકમ સીલ થયું

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર સીઆર ખરસાણના માર્ગદર્શન હેઠળ, દક્ષિણ ઝોનના હેલ્થ ખાતા દ્વારા સોમવારના રોજ દક્ષિણ ઝોનના મણીનગર વોર્ડમાં ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરી કેરી અને કેરીના રસનો વેચાણ કરતાં યુનિટોની તપાસણી હાથ ધરતા મણીનગર શાક માર્કેટમાં જલારામ કેરી ભંડાર નામે કેરી વેચવાનો ધંધો કરતા ગોપેસભાઈ હસમુખભાઈ સાયાણી દ્વારા ખુબ જ મોટા પ્રમાણમાં પ્રતિબંધિત કાર્બાઈડ દ્વારા કેરીઓ પકવતા હોવાનું જાણવા મળ્યું હતું. હેલ્થ ખાતા દ્વારા ૧૪૦૦ કિલોગ્રામ કેરી નોટીસ પાઠવી જપ્ત કરી તેનો પીરાણા સુએઝ ફાર્મ ખાતે નાશ કરી એકમને સીલ કરવામાં આવ્યું હતું.

## નવો વળાંક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેવી દેવાયું છે. સ્પેશિયલ ઓડિટર અમૃતભાઈ પટેલે જણાવ્યું છે કે મંડળીના કેટલાક સભ્યોએ કયારેય લોનની માગણી કરી નથી તેવા અનેક સભ્યના નામે લોન ઉધારવામાં આવી છે તેમના લોનના ચેક તૈયાર કરી તેની ઉપર ચેરમેન નવલકિશોરસિંહ રાણા અને મેનેજર પ્રકાશ બાલાસરાએ સહીઓ કરી હતી તે ચેક વટાવી પૈસા લઈ જનાર તરીકે નિરાલી રાજગોરની સહીઓ કરાયેલી છે. ૩૧ માર્ચ ૨૦૧૨ના સરવૈયામાં મંડળીના હોદ્દેદારોએ ૫ કરોડની રકમ લોન ધિરાણ પેટે દર્શાવી છે પરંતુ હીસાબોની તપાસ કરતા વાસ્તવિક ધિરાણ માત્ર રૂ. ૪૦ થી ૫૦ લાખનું જ છે! બોગસ લોન ખાતા ઉભા કરી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું પણ ઓડિટરે જણાવ્યું છે.

## વીજદરમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ટોરેન્ટ પાવરે રૂ. ૧૨૨૧ કરોડની અંદાજિત ખોટ બતાવી અને રૂ. ૧.૨૨ પૈસાનો ભાવ વધારો વીજ નિયમન પંચ સમક્ષ માંગ્યો હતો પરંતુ પંચે માત્ર ૪૪ પૈસાનો વધારો કરવાની મંજુરી આપી છે.

મોંઘવારીના મુદ્દે સભાઓ ગજવતા રાજકીય નેતાઓ આ ભાવ વધારાને લઈ મૌન થઈ ગયા છે. દરમિયાન રાજ્ય સરકારે આજે એવી સ્પષ્ટતા કરી છે કે રાજય સરકારની વીજ કંપનીઓ દ્વારા કોઈ જ વીજ વધારો કરાયો નથી તેમજ લોકોને પુરતી રાહત મળે તેની કાળજી લીધી છે.

## ગાંધીના ગઢમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, અમેઠીના નકશામાં ભાજપ જીતશે તો ટૂંકમાં જ બદલી દેવામાં આવશે. મોદીએ ગાંધી પરિવાર ઉપર મત એકત્રિત કરવાની રાજનીતિ રમવાનો આક્ષેપ કરતા કહ્યું હતું કે, દિગ્ગજોએ અમેઠીમા કંઈપણ કર્યું નથી. ૪૦ વર્ષથી નહેરુ-ગાંધીએ ત્રણ પેઢીઓના સ્વપ્ન તોડી પાડ્યા છે. તેઓ નવી પેઢીના સ્વપ્ન પૂર્ણ કરવા આવ્યા છે. તેઓ અહીં લોકોની પીડાને વહેંચવા માટે આવ્યા છે. મોદીએ કહ્યું હતું કે, મેડમ સોનિયા ગાંધી કહી રહ્યા છે કે, ચૂંટણી પરિણામ આવે તે પહેલા જ મોદી પોતાને વડાપ્રધાન માની ચુકયા છે. તેઓ માતાની ચિંતા સમજી શકે છે. કારણ કે પુત્રને સેટલ કરવામાં ૧૦ વર્ષનો સમય લાગ્યો છે. મોદીએ આક્ષેપનો મારો ચલાવતા કહ્યું હતું કે, આજ સુધી ગરીબોના નામ ઉપર દેશ સાથે વિશ્વાસઘાત કરવાનું કામ કરવામાં આવ્યું છે. કોંગ્રેસે ક્યારે વિચાર્યું ન હતું કે, એક ગરીબ માતાનો પુત્ર તેમને પડકાર ફેંકશે. તેમણે કહ્યું હતું કે, ગામડાઓ અને ગરીબના ઘરમાંથી બાળકો આવી રહ્યા છે. સારા દિવસો આવનાર છે. અમેઠી માર્કેટનું કદ પણ વધનાર છે. કોંગ્રેસની ગાડીઓ નિકળી ચુકી છે. આ ગાડીઓમાં પૈસા અને ચીજવસ્તુઓ ભરેલી છે. ચૂંટણી પંચે અમેઠીમાં નિષ્પક્ષ ચૂંટણી કરવાની ખાતરી કરવી જોઈએ. સોનિયા ગાંધી ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, માતા-પુત્ર આક્ષેપ લગાવી રહ્યા છે કે, મોદી માંગી રહ્યા છે. તેમણે જવાબ આપતા કહ્યું હતું કે, રાજ પરિવારોએ અમારા માટે કોઈપણ બાબત છોડી નથી. માંગનાર વ્યક્તિ લૂંટ ચલાવનાર વ્યક્તિ કરતા વધુ યોગ્ય છે. સ્મૃતિ ઈરાની ખુબ શાનદાર કામ કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી જેલમાંથી લોકોને બહાર કાઢીને બચાવવા માટે પ્રયાસ કરી રહી છે પરંતુ આ વખતે બચી શકશે નહીં. ૬૦ મહિનાના ગાળામાં જ અમેઠીને ચમકાવી દેવાની મોદીએ ખાતરી આપી હતી. સ્મૃતિ ઈરાની તેમની સાથે કામ કરે છે. સ્મૃતિ ઈરાની ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્ય છે. તેમની કામગીરી ખુબ સારી રહી છે. બદલાની ભાવનાથી નહીં બલ્કે પરિવર્તનની રાજનીતિ કરવાની તેમની ઈચ્છા છે.